# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **આજે આસ્થા અને ઉલ્લાસપૂર્વક હોળીનાં પર્વની ઉજવણી કરવામાં આવશે. મંદિરોમાં હોળી પ્રસંગે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવશે.**
2. **108 ઇમરજન્સી સેવાએ આજે હોળીનાં દિવસે ઈમરજન્સી કેસોમાં સામાન્ય કરતા 3.5 ટકા વધારો થવાની સંભાવના વ્યક્ત કરી.**
3. **આજે "વિશ્વ કિડની દિવસ" ઉજવવામાં આવી રહ્યો છે. કિડની સંબંધીત રોગો અને અંગદાનથી કિડની પ્રત્યાર્પણ અંગે લોકોમાં જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાશે.**
4. **અમદાવાદ સહિતનાં 8 શહેરોમાં 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન નોંધાયું.**
5. **મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સ એલિમિનેટર મેચમાં ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HOLI CELEBRATION

આજે રાજ્યભરમાં આસ્થા અને ઉલ્લાસપૂર્વક હોળીનાં પર્વની ઉજવણી કરવામાં આવશે. અંબાજી, પાવાગઢ, દ્વારકા અને ડાકોર સહિતનાં મંદિરોમાં હોળી પ્રસંગે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવશે.

આકાશવાણી સમાચાર વિભાગ સૌ શ્રોતાઓને હોળી ની શુભકામનાઓ પાઠવે છે.

કોડીનાર રામજી મંદિર ખાતે ગઈકાલે પ્રથમ વખત વ્રજનો મહાઉત્સવ હોળી રસિયાની ઉજવણી કરવામાં આવી. હવેલીનાં મહારાજ દ્વારા સંગીતના તાલે આયોજીત હોળી રસિયામાં સેંકડો ભાવિકો પધાર્યા હતા.

આ અંગે ભાવિક નીતાબેન બોધીએ તેમની પ્રતિક્રિયા આપી

**(BYTE - NEETABEN BHAVIK)**

નર્મદા જિલ્લામાં આદિવાસી સમાજના દેવમોગરાના મંદિર પ્રાંગણમાં હોળી ઢોલ ઉત્સવનું પ્રથમવાર ભવ્ય આયોજન કરાયુ હતું. સાગબારા અને દેડિયાપાડા તાલુકાના ગામોમાંથી આદિવાસી પરંપરાગત ઢોલ , ગોસાંઈ(ઘેરૈયા) અને મહિલાઓએ હોળીના ગીતોની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા સંચાલિત અમદાવાદનાં તમામ બગીચા હોળી અને ધુળેટીનાં તહેવાર નિમિત્તે સાંજે પાંચ વાગ્યા સુધી બંધ રહેશે. આ ઉપરાંત, અટલ બ્રિજ પણ 14 માર્ચનાં રોજ સાંજે પાંચ વાગ્યા સુધી બંધ રહેશે.

---

# HOLI CELEBRATION STATE TEMPLE

રાજ્યનાં તમામ યાત્રાધામોમાં આજે ફાગણી પૂર્ણિમા ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. બનાસકાંઠા જિલ્લાના અમારા પ્રતિનિધિ સવજી ચૌધરી જણાવે છે કે, સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે સાંજે સાત વાગ્યે હોળી પ્રગટાવવામાં આવશે, જ્યારે સાંજે સાડા છ વાગે થતી આરતી પણ હોળી પ્રગટાવ્યા બાદ જ કરાશે. પુનમની આરતી શુક્રવારે સવારે છ વાગ્યે થશે.

ખેડા જિલ્લાના અમારા પ્રતિનિધિ જનક જાગીરદાર જણાવે છે કે , યાત્રાધામ ડાકોર ખાતે ફાગણી પુનમના મેળા માટે ડાકોરને જોડતા માર્ગો પર પદયાત્રીઓનો અવિરત પ્રવાહ જોવા મળી રહ્યો છે. અમદાવાદનાં જશોદાનગર થઈ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાનાં રાસ્કાનાં માર્ગો પર પદયાત્રીઓ આવી પહોંચ્યા છે અને જય રણછોડના નાદથી માર્ગો ગુંજી ઉઠ્યા છે.

ડાકોર તરફ જતા પદયાત્રાઓ માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો શરૂ કરવામાં આવ્યા છે.

---

# PRAFUL PANSERIA - BEST WISHES

શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ લોકોને હોળી ધૂળેટી પર્વની શુભેચ્છા પાઠવી છે, તેમણે લોકોને હોલિકા દહનમાં ગાયના ગોબરથી બનેલા છાણાનો ઉપયોગ કરવા અપીલ કરી છે.

## બાઇટ - શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા

---

# WESTERN RAILWAY-HOLI SPECIAL TRAIN

પશ્ચિમ રેલ્વે હોળીના તહેવારમાં લોકોની સુવિધા અને ધસારાને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ અને અમદાવાદ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવાશે.

બાંદ્રા ટર્મિનસ - અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ 13 અને 14 માર્ચના રોજ હોળી સ્પેશિયલ 4 ટ્રિપમાં દોડાવશે. બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ ટ્રેન બંને દિશામાં બોરીવલી , પાલઘર, વાપી, વલસાડ, ઉધના, ભરૂચ, વડોદરા અને આણંદ સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન બુકિંગ આજથી બધા PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે રેલવેની વેબસાઇટ પર જોઈ શકાશે.

---

# 108 EMERGENCY HOLI DHULETI

108 ઇમરજન્સી સેવાએ આજે હોળીનાં દિવસે ઈમરજન્સી કેસોમાં સામાન્ય કરતા 3.5 ટકા એટલે કે ત્રણ હજાર 870 કેસનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે, જ્યારે ધુળેટીના દિવસે 30 ટકા એટલે કે ચાર હજાર 851 કેસનો વધારો થશે.

108 ઇમરજરન્સી સેવાની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મુખ્ય રીતે, માર્ગ અકસ્માતો અને ટ્રોમા સંબંધિત ઈમર્જન્સી કેસમાં વધારો થવાની સંભાવના છે.

હોળીના દિવસે માર્ગ અકસ્માતમાં 36.10 ટકા અને ધુળેટીના દિવસે 89 ટકાનો વધારો થવાની સંભાવના છે. આ જ રીતે હોળીના દિવસે શારીરિક હુમલાના કેસોમાં 73 ટકા અને ધુળેટીના દિવસે 244 ટકાનો વધારો થવાની શક્યતા છે.

મહીસાગર જિલ્લામાં હોળી તેમજ ધુળેટીના પર્વ ધ્યાનમાં રાખીને જિલ્લામાં ઈમરજન્સી કેસને પહોંચી વળવા માટે 108 સેવાને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

આ અંગે વધુ માહિતી આપે છે મહિસાગરની 108 ઈમરજન્સી સેવાના સુપરવાઈઝર દૃષ્યંત પંડ્યા.

**(BYTE – DUSHYANT PANDYA – 108 MAHISAGAR)**

---

# GER MELA -2025

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકા ખાતે ભાતીગળ ગેરનો મેળો આગામી 16મી એપ્રિલ યોજાશે. જેની તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

હોળીના ત્રીજા દિવસથી શરૂ થતો આ ભાતીગળ ગેર મેળા અંગે લોકોને માહિતગાર કરવા માટે 200થી વધુ અધિકારીઓ 37 કિલોમીટર લાંબી સાયકલ રેલીમાં ભાગ લીધો હતો.

નસવાડી તાલુકાની શ્રીનાથજી હોટેલ ચોકડીથી શરૂ થયેલી રેલી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરના પરેડ ગ્રાઉન્ડ ખાતે સમાપન થઈ હતી.

આ અંગે છોટાઉદેપુરના કલેક્ટર સુશ્રી ગાર્ગી જૈને વધુ માહિતી આપી.

**(BYTE – GARGI JAIN – COLLECTOR)**

---

# WORLD KIDNEY DAY

દર વર્ષે માર્ચ મહીનાના બીજા ગુરુવારે "વિશ્વ કિડની દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. લોકોમાં કિડની સંબંધીત રોગો અંગે અને કિડનીના દર્દીઓને અંગદાનથી કિડની મળી રહે તે માટે લોકોમાં જાગૃતતા કેળવવાનો આ દિવસનો મુખ્ય ઉદ્દેશ છે. આ અંગે જાગૃતિ માટે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાશે.

કિડની દિવસની પૂર્વ સંધ્યાએ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ૧૮૧ મું અંગદાન થયું. ગુપ્તદાન રૂપે થયેલા આ અંગદાનથી એક હૃદય , બે કિડની અને એક લિવરનું દાન મળ્યું છે.

સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું છે કે , અત્યાર સુધીમાં કુલ 181 અંગદાતાઓ થકી 328 કિડની, 158 લીવર, 57 હૃદય, 30 ફેફસા, 10 સ્વાદુપિંડ ,મળી કુલ 591 અંગોનું દાન મળ્યું છે જેના થકી 573 વ્યક્તિઓને નવજીવન મળ્યું છે.

---

# WEATHER

રાજ્યના અમદાવાદ સહિતનાં આઠ શહેરોમાં છેલ્લાં 24 કલાકમાં 40 ડિગ્રી સેલ્સિયલથી વધુ તાપમાન નોંધાયું હતું. રાજકોટ 42.1 ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમરેલીમાં 41 ડિગ્રી, પોરબંદરમાં 40.8 ડિગ્રી, અમદાવાદમાં 40.7 ડિગ્રી, ગાંધીનગરમાં 40.6 ડિગ્રી , ડિસામાં 40.2 અને વડોદરામાં 40 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આજે કચ્છ , સુરેન્દ્રનગર, પોરબંદરમાં રેડ એલર્ટ અને અમદાવાદ, ગાંધીનગર સહિતનાં સાત જિલ્લામાં ઓરેન્ટ એલર્ટ જાહેર કર્યો છે.

---

# WPL-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સ આજે સાંજે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે એલિમિનેટર મેચમાં ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

દિલ્હી કેપિટલ્સે 10 પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવીને ફાઇનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. મુંબઈ બીજા સ્થાને રહ્યું , જ્યારે ગુજરાત જાયન્ટ્સ ત્રીજા સ્થાને રહ્યું, જેના કારણે બાકીના અંતિમ સ્થાન માટે બંને ટીમો વચ્ચે મુકાબલો થશે.

આ સિઝનમાં, મુંબઈએ આઠ મેચમાંથી પાંચ જીત સાથે પ્લેઓફમાં સ્થાન મેળવ્યું છે.

------------------------------------END------------------------------------

---